# ૧૫ મે –૨૦૧૬ (રવિવાર)

**(૧) કૃષિ કલ્યાણ સેસા :**

- સામાન્ય બજેટમાં ૦.૫ ટકા કૃષિ કલ્યાણ સેસ અમલી બનતાં સર્વિસ ટેક્સ ૧૪.૫ ટકાથી હવે ૧૫ ટકા થશે.
- આગામી ૧ જૂનથી આ વધારાનો ૦.૫ ટકા કર અમલી થશે.
- સેવાકરમાં વૃદ્ધી થતાંખ ફિલ્મ, રેલવે, વિમાની સફર, હોટલ, લગ્ન ખર્ચ, મોબાઇલ વિજબીલ જેવી તમામ સુવિધાઓ મોંઘી થશે.

**(૨) અકસ્માત મૃત્યુમાં ખેડૂતના વારસદારને ૪ લાખની સહાય :**

- તાજેતરમાં જૂનાગઢ ખાતે કૃષિ મહોત્સવમાં મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ અકસ્માત મૃત્યુમાં ખેડૂતના વારસદારને ૪ લાખની સહાય આપવાની જાહેરાત કરી.
- અત્યાર સુધી અકસ્માત મૃત્યુના કેસમાં રૂા.૧ લાખની સહાય આપવામાં આવતી હતી.

**(૩) આઇપીએલ–૯ રેકોર્ડ**

- તાજેતરમાં આઇપીએલ–૯માં બેંગ્લોર– ગુજરાતના મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ગુજરાત લાયન્સને ૧૪૪ રને હરાવતા આઇપીએલના ઇતિહાસમાં સૌથી મોટી જીત મેળવી
- આજ મેચમાં વિરાટ કોહલી અને એબી ડી વિલિયર્સ સદી ફટકારતા આઇપીએલના ઇતિહાસમાં એક ઇનિંગમાં બે સદી નોંધાવવાની ઘટના પ્રથમ વખત બની હતી.
- બેંગ્લોર આ મેચમાં ૨૪૮ રન બનાવ્યા હતા.

**(૪) અંજલી ચંદ્રશેખર :**

- ભારતીય કલાકાર અંજનલી ચંદ્રશેખર યુએન પોસ્ટર પ્રતિયોગિતામાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો.
- પરમાણુ અપ્રસાર વિષય ઉપર આયોજીત સ્પર્ધામાં ૧૨૩ દેશોથી ૪૧૦૦ લોકોએ ભાગ લીધો હતો.
- અંજલીને 'બ્રેક ફ્રી' નામના પોસ્ટર માટે યુએન મહાસચિવ બાન કી મૂનએ પ્રમાણપત્ર આપ્યું હતું.

**(૫) સાદિક ખાન– લંડનના પ્રથમ મુસ્લિમ મેયર**

- મૂળ પાકિસ્તાની સાદિક ખાન લંડનના પ્રથમ મુસ્લિમ મેયર બન્યા.
- પક્ષ લેબર પાર્ટી
- સાદિક ખાને કંઝર્વેટીવ પાર્ટીના જેક ગોલ્ડસ્મીથને હરાવ્યા હતા.

**પ્રશ્નો :**

(૧) ૧ જૂનથી સેવાકરમાં કેટલા ટકા કૃષિ કલ્યાણ સેસ ઉમેરાશે ?
- ૦.૫ ટકા

(૨) રાજ્યમાં હવેથી અકસ્માત મૃત્યુમાં ખેડૂતના વારસદારને કેટલી સહાય આપવામાં આવશે ?
- ૪ લાખ

(૩) આઇપીએલના ઇતિહાસમાં કઇ ટીમના ખેલાડીઓએ એકજ ઇનિંગમાં બે સદી નોંધાવી ?
- રોયલ ચેલેન્જર બેંગ્લોર

(૪) તાજેતરમાં કયા ભારતીય કલાકારને યુએન પોસ્ટર પ્રતિયોગિતામાં ત્રીજો ક્રમ પ્રાપ્ત થયો ?
- અંજલી ચંદ્રશેખર

(૫) યુએન પરમાણુ અપ્રસાદ વિષય ઉપર આયોજીત સ્પર્ધામાં ભારતની અંજલીને કયાં પોસ્ટર માટે પ્રમાણપત્ર મળ્યું ?
- 'બ્રેક ફ્રી'

(૬) લંડનના પ્રથમ મુસ્લિમ મેયર ?
- સાદિક ખાન

(૭) લંડનના પ્રથમ મુસ્લિમ મેયર સાદિક ખાનનો પક્ષ ?
- લેબર પાર્ટી

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧